**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

***15/4/1685 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **કબ્જે લીધેલ જથ્થો** | | |
|---|---|---|---|
| | **જણસી** | **જથ્થો (કિ.ગ્રા.)** | **કિંમત (રૂ.પૈસા)** |
| ગીર સોમનાથ | ઘઉં | ૨૩,૭૦૦ | ૬,૩૯,૯૦૦/− |
| | ચોખા | ૬,૧૫૦ | ૧,૭૨,૨૦૦/− |
| ભાવનગર | ૦ | ૦ | ૦ |
| | **કુલ...** | **૨૯,૮૫૦** | **૮,૧૨,૧૦૦/−** |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૧ ઇસમ સંડોવાયેલ છે.

(૩) ઉક્ત ૧ ઇસમ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તથા રૂ.૪,૫૧,૫૫૦/−નો દંડ કરવામાં આવેલ છે.